# વ્યાજદર મોડલ પોલીસી

2022

## સમગ્ર ઉપક્રમમાં લાગુ

આ દસ્તાવેજ વ્યાજ દર મોડલ માટે માપદંડ તરીકે કામ કરે છે.

એક્સીઓ (Axio) એ કેપફ્લોટ ફાયનાન્સીયલ સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ, આરબીઆઈ પાસે નોંધાયેલ એક એનબીએફસીનું બ્રાંડ નામ છે.

# વિષયવસ્તુના મુદાઓ

| વિષયવસ્તુ | પાના |
|---|---|


| | | |
|---|---|---|
| I. | લોન માટે વ્યાજ દર નક્કી કરવા માટેના સિદ્ધાંતો | 3-6 |
| II. | વ્યાજનો દર | 6 |
| III. | બેન્કિંગ અને ફાયનાન્સ સમિતિ | 6-7 |
| IV. | પોલીસીની સમીક્ષા | 8 |

રીઝર્વ બેંક ઓફ ઇન્ડીયાએ તારીખ 2 જાન્યુઆરી 2009નાં તેના જાહેરનામા નં. DNBS.204 / CGM (ASR)-2009 દ્વારા એવો આદેશ કર્યો છે કે દરેક એનબીએફસીનું બોર્ડ ફંડસનાં ખર્ચ, માર્જીન, જોખમ પ્રીમીયમ વગેરે જેવા મહત્વના પરિબળોને ધ્યાનમાં લઈને કંપની માટે વ્યાજના દરના મોડલને મંજૂરી આપશે અને લોન તેમજ પેશગી માટે વસૂલવાના વ્યાજના દર નક્કી કરશે. વધુમાં, આદેશ દર્શાવે છે કે :

- વ્યાજના દર અને જોખમના ગ્રેડેશન માટેની રીત અને લોન લેનારાના જુદા જુદા વર્ગ માટે વ્યાજના જુદા જુદા દરો વસૂલવા માટેના તર્કની તેમને આપવામાં આવતા મંજૂરી પત્રોમાં લોન લેનારાઓ/ગ્રાહકોને જાણ કરાવી જોઈએ.

- વ્યાજ દરના મોડલ માટે  તેમની પાસેથી વસૂલવામાં આવતા ધિરાણના વ્યાજ દરોના તર્ક અને પદ્ધતિ સમજવા માટે ગ્રાહકોને સક્ષમ બનાવવા માટે કંપનીની વેબસાઈટ ઉપર તેને ઉપલબ્ધ બનાવવાનું પણ જરૂરી છે.

કથિત આરબીઆઈ આદેશોના અનુપાલનમાં, કંપની માટે વ્યાજ દરનું મોડલ નીચે આપવામાં આવેલ છે :

## લોન માટે વ્યાજ દર નક્કી કરવા માટેના સિદ્ધાંતો:

- અન્ય બાબતોની વચ્ચે, કેપફ્લોટ ફાયનાન્સીયલ સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડના ફંડસનાં ભારિત સરેરાસ ખર્ચ, ફાળવી નહીં શકાયેલ ઓવરહેડસ અને અન્ય વહીવટી ખર્ચા કે જે આગળ એએલએમ મિસમેચ માટે સરભર કરવામાં આવે છે તેને ધ્યાનમાં લઈને વ્યાજના દરોનો નિર્ણય કરવા માટેનું તેનું મોડલ ધરાવે છે. ફંડસનો ભારિત સરેરાસ ખર્ચ બેંક, એનબીએફસી લાઈન્સ, બિન-રૂપાંતરપાત્ર ડિબેન્ચર્સ વગેરે જેવા વિવિધ સ્ત્રોતોમાંથી મહીનાના અંત સમયે કેપફ્લોટ ફાયનાન્સીયલ સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડનાં કુલ ઋણના ખર્ચને ધ્યાનમાં લઈને ગણવામાં આવે છે.

- કથિત દરની બેન્કિંગ અને ફાયનાન્સ સમિતિની સભામાં સમીક્ષા કરવામાં આવે છે.

- વિવિધ વ્યવસાય ક્ષેત્રો અને તેના હેઠળની વિવિધ યોજનાઓ માટે લોન માટેના વ્યાજના દરનો નિર્ણય કેપફ્લોટ ફાયનાન્સીયલ સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ વ્યાજ દરના મોડલ, સંબંધિત વ્યવસાય ક્ષેત્ર માટે જોખમ અને સમયગાળાનાં પ્રિમીયમનાં કારણે ખર્ચ, વ્યવસાય વિશેષ સંચાલન ખર્ચ દ્વારા નક્કી કરવામાં આવે છે અને ધિરાણનાં વ્યાજ દર નક્કી કરવા માટે માર્જીન ઉમેરવામાં આવે છે.

- કેપફ્લોટ ફાયનાન્સીયલ સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા પ્રસ્તુત કરવામાં આવતા અંતિમ ધિરાણના દર નીચેના માપદંડોને ધ્યાનમાં લીધા બાદ નક્કી કરવામાં આવશે : બજાર પ્રતિષ્ઠા, વ્યાજ, સંબંધિત વ્યવસાય ક્ષેત્રમાં ધિરાણ અને ચૂકના જોખમ, આવા જ સમાન ગ્રાહકોનો ભૂતકાળનો દેખાવ, લોન લેનારની પ્રોફાઈલ, હાલના ગ્રાહકના કિસ્સામાં લોન લેનારનો ચૂકવણીનો ટ્રેક રેકોર્ડ, ઉપલબ્ધ નાણાકીય સહાય, અનુમતિ અપાયેલ વિચલનો, ભાવિ સંભાવના, જૂથની તાકાત, સંપૂર્ણ ગ્રાહક ઉપજ, મુખ્ય અને આનુષંગિક જામીનગીરીનો પ્રકાર અને મૂલ્ય વગેરે. આવી માહિતી લોન લેનારા દ્વારા પૂરી પાડવામાં આવેલ માહિતી, ક્રેડીટ રીપોર્ટસ, બજાર બુદ્ધિ, અને લોન લેનારના પરિસરનાં ક્ષેત્ર નિરીક્ષણ દ્વારા એકત્ર કરાયેલ માહિતીનાં આધારે ભેગી કરવામાં આવે છે.

- એક જ પ્રોડક્ટ માટે વ્યાજના દર અને જુદા જુદા ગ્રાહકો દ્વારા સમાન સમયગાળા દરમિયાન મેળવેલ સમયગાળાને પ્રમાણભૂત બનાવવાની જરૂર નથી. તે ઉપરના પરિબળો પૈકીના કોઇપણ કે પરીબળોના સંયોજન ઉપર વિચારણાને આધારે જુદા જુદા ગ્રાહકો માટે અલગ અલગ હોઈ શકે છે.

- ઉપભોક્તા લોન માટે નો કોસ્ટ ઇએમઆઈ, વ્યાજનો દર ગ્રાહક દ્વારા ભોગવવામાં આવશે નહીં અને વ્યાજ વેપારી દ્વારા નાણાકીય મદદનાં સ્વરૂપમાં ચુકવવામાં આવે છે. એવી પ્રોડક્ટસ છે જ્યાં અગ્રિમ છૂટ આપવામાં આવશે. આ પ્રોડક્ટસ ઉપર ગ્રાહકો વ્યાજ ચુકવે છે

પરંતુ સમગ્ર મુદલ વત્તા વ્યાજ પ્રોડક્ટની મૂળ કીમત બરાબર હશે. આ બાબત ગ્રાહકને મૂળ કીમતની તુલનામાં કોઇપણ વધારાના ખર્ચ વિના અસરકારક રીતે પ્રોડક્ટ આપશે.

- વ્યાજના દરો સ્થિર કે ચલિત આધાર ઉપર આપવામાં આવી શકે છે અને એક સમાન અથવા ઘટતી જતી બાકીની પદ્ધતિએ વસૂલવામાં આવી શકે છે.

- ઉપરની બાબત માટે, વ્યાજની સીમા વાર્ષિક આધાર ઉપર ઘટતી બાકીના દરે 14 અને 36% વચ્ચે અલગ અલગ હોઈ શકે છે.

- વ્યાજ જુદી જુદી પ્રોડક્ટસ/વિભાગો માટે માસિક  કે ત્રિમાસિક દરો ઉપર વસૂલવામાં આવી શકે છે. કે જે ભાવિ ગ્રાહકો માટે કરવામાં આવશે અને પછીની પોલીસીમાં નોંધવામાં આવશે.

- વ્યાજના દરો/વ્યાજનાં પ્રકારની મંજૂરીની લોન મેળવવાના સમયે ગ્રાહકને જાણ કરવામાં આવશે અને વ્યાજ અને બાકી મુદલ અંગે ઇએમઆઇની ફાળવણીની વિગત ગ્રાહક માટે ઉપલબ્ધ બનાવવામાં આવશે.

- વ્યાજ જાણ કર્યા મુજબની દેય તારીખ ઉપર તાત્કાલિક રીતે ચૂકવવાપાત્ર બનતું હોવાનું માનવામાં આવશે અને વ્યાજની ચુકવણી માટે કોઇપણ કૃપા સમયગાળાની અનુમતિ આપવામાં આવતી નથી.

- સામાન્ય વ્યાજ ઉપરાંત, કંપની કોઇપણ બાકી રકમની ચુકવણી કરવામાં વિલંબ કે ચૂક માટે વધારાનું/દંડનીય વ્યાજ લાદી શકે છે. જુદી જુદી પ્રોડક્ટસ કે સુવિધાઓ માટે આ વધારાનાં કે દંડનીય વ્યાજોને સંબંધિત વ્યવસાય/પ્રોડક્ટ હેડસ દ્વારા નક્કી કરવામાં આવશે.

- વ્યાજના દરો અને ચાર્જીસમાં ફેરફારો ભાવિ અસર ધરાવશે અને વ્યાજ કે અન્ય ચાર્જીસમાં ફેરફારની જાણ યોગ્ય જણાય તેવી રીત અને પદ્ધતિમાં ગ્રાહકોને કરવામાં આવશે.

- વ્યાજ ઉપરાંત, અન્ય નાણાકીય ચાર્જીસ જેવા કે પ્રોસેસિંગ ફીસ, ઓરીજીનેશન ફીસ, ચેક બાઉન્સિંગ ચાર્જીસ, વિલંબિત ચુકવણીના ચાર્જીસ, પુન:સમયપત્રક ગોઠવણીના ચાર્જીસ, પૂર્વ-ચુકવણી/ફોરક્લોઝર ચાર્જીસ, આંશિક ચુકવણીના ચાર્જીસ, ચેક સ્વેપ ચાર્જીસ, સિક્યોરીટી સ્વેપ ચાર્જીસ, ખાતાના હિસાબ આપવા માટેના ચાર્જીસ વગેરે. જ્યાં પણ જરૂરી લાગે ત્યાં કંપની દ્વારા લાદવામાં આવશે. આ ચાર્જીસ ઉપરાંત, સ્ટેમ્પ ડયુટી, સર્વિસ ટેક્ષ અને અન્ય સેસીસ પૂરા પડાયેલ દસ્તાવેજમાં જણાવ્યા મુજબ જુદા જુદા સમયે લાગુ દરોએ એકત્ર કરવામાં આવશે. આ ચાર્જીસમાં કોઇપણ સુધારો ભાવિ અસર ધરાવશે અને તેની લોન લેનારને જાણ કરવામાં આવશે.

- ચાર્જીસ  નક્કી કરવા સમયે, બજારમાં હરીફો દ્વારા અનુસરવામાં આવતી પ્રથાઓને પણ ધ્યાનમાં લેવામાં આવશે.

- રીફંડ માટેના દાવાઓ કે ચાર્જીસ/દંડનીય વ્યાજ/વધારાના વ્યાજની માફીનો કંપની દ્વારા સામાન્ય રીતે સ્વીકાર કરવામાં આવશે નહીં અને આવી વિનંતીનો નિકાલ કરવો એ કંપનીની સંપૂર્ણ ઈચ્છાને આધીન હોય છે.

## વ્યાજનો દર:

- કંપની લોન લેનારને જાણ કરે છે: લોનની મંજૂરીના સમયે લોનની રકમ, વ્યાજનો વાર્ષિક દર,સમયગાળો,માસિક હપ્તાની રકમ.

## બેન્કિંગ અને ફાયનાન્સ સમિતિ:

- વ્યાજના દરોની સામયિક રીતે સમીક્ષા કરવામાં આવશે અને આ પોલીસીમાં કોઇપણ સુધારો બેન્કિંગ અને ફાયનાન્સ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવશે અને પછીથી તેની મંજૂરી માટે કંપનીનાં સંચાલક મંડળ સમક્ષ રજૂ કરવામાં આવશે.

- તેને અસર કરતા વિવિધ તત્વો સાથે સુસંગતતામાં વિવિધ પ્રોડક્ટસ માટે વ્યાજના દરની ગણતરી કરવા માટેની પ્રયુક્તિ નિયત કરતા વ્યાજના દરનાં પ્રીમીયમ ઉપરની એક નોંધ અને તે સમીક્ષા અને મંજૂરી માટે અર્ધ-વાર્ષિક અંતરાલો ઉપર બોર્ડને આપવામાં આવશે.

- ન્યૂનત્તમ અને  મહત્તમ વ્યાજની સીમાઓ પ્રોડક્ટ વાઈઝ ધરાવતી વ્યાજ દરની સીમાઓ ઉપરની એક નોંધ અને તેની વિગતો સમીક્ષા અને મંજૂરી માટે ત્રિમાસિક અંતરાલો ઉપર બોર્ડ સમક્ષ રજૂ કરવામાં આવશે.

પ્રોડક્ટ મુજબ/પેટા-પ્રોડક્ટ મુજબ વ્યાજના દરની સીમાઓં નીચે મુજબ છે:

| પ્રોડકટ | ન્યૂનત્તમ વ્યાજ દર % | મહત્તમ  વ્યાજ દર % |
|---|---|---|
| અસુરક્ષિત વ્યવસાયની લોન | 17 | 24 |
| LTUBL (UBL3) (એક સરખો વ્યાજ દર) | 14 | 17.5 |
| બેન્કિંગ સરોગેટ (UBL2) | 20 | 26 |
| ઉપભોક્તા ધિરાણ (ઓનલાઈન ચેકઆઉટ સહીત) | ભાગીદારની બાયધરીવાળું | 24 |
| વ્યક્તિગત લોન –પગારદાર | 18 | 36 |
| વ્યક્તિગત લોન – સ્વ-નિર્ભર | 21.5 | 36 |

- દરેક પ્રોડક્ટ જુદા જુદા જોખમ ક્ષેત્રો તરફ લક્ષિત થયેલ અનેક પેટા-પ્રોડક્ટસ ધરાવે છે. આ દરેક પેટા-પ્રોડક્ટ માટે વ્યાજની સીમા એક એવી સીમા ધરાવે છે, જે ગ્રાહકની જોખમની રૂપરેખા ઉપર આધાર રાખે છે.

- એ વાતની નોંધ લેવા વિનંતી કે એએલસીઓ (એસેટ લાયાબીલીટી કમિટી) ની સભા સામયિક રીતે ફંડસનાં ખર્ચ જેવા અનેક પરીબળોના આધારે વ્યાપક વ્યાજ દરની સીમાઓ નક્કી કરે છે.

## પોલીસીની સમીક્ષા :

- પોલીસીની વાર્ષિક અંતરાલ ઉપર અથવા કંપનીના બોર્ડ દ્વારા જેમ અને જ્યારે જરૂરી ગણવામાં આવે તેમ અને ત્યારે સમીક્ષા કરવામાં આવશે.